ગાંધીનગર સમાચાર



રોલબોલના પાંચ ખેલાડીઓને જયદિપસિંહ બારીયા એવોર્ડ એનાયત

# ચાર દિવસની રજાઓના પગલે શહેર સુમસામ

**૧૫ ઓગષ્ટ બાદ સળંગ ચાર દિવસની રજાનો સુયોગ સર્જાતા ગાંધીનગરના ઘણા પરિવારો હરવા ફરવા ઉપડી ગયા**

ગાંધીનગર, તા.૧૮

મંગળવારે પારસી નુતનવર્ષની રજા હોઈ અગાઉની બે રજાનો લાભ લઈ સરકારી કર્મચારીઓ ત્રણ-ચાર દિવસની નાની ટુર પર ઉપડી જતાં શહેરમાં અવરજવર ઓછી થઈ ગઈ હતી.

શનિવારે સ્વતંત્રતા દિવસની રજા અને રવિવારની રજાના સુયોગ બાદ મંગળવારે સરકારી કચેરીઓ અને શાળા-કોલેજોમાં પારસી નુતન વર્ષની રજા હોવાના કારણે શહેરના ઘણા પરિવારો આ ચાર દિવસની રજાના સુયોગમાં હરવા ફરવા ઉપડી ગયા હતા. શ્રાવણ માસનો પ્રારંભ થતો હોઈ અને ૧૭મીએ શ્રાવણ માસનો પ્રથમ સોમવાર હોઈ ઘણા ભાવિકો પરિવાર સાથે જાણીતા મંદિરોમાં દર્શન કરવા પહોંચી ગયા હતા. સોમનાથ તરફ જતી બસો અને ટ્રેનો એકદમ ફુલ થઈ ગઈ હતી. શ્રાવણ માસના પ્રારંભે જ રજાઓનો સુંદર સુયોગ સર્જાતા ગાંધીનગરના ઘણા પરિવારો બહાર હરવા ફરવા જતા રહેતા શહેર સુમસામ લાગતું હતું. શાળા કોલેજો અને સરકારી કચેરીઓમાં રજા હોવાથી માર્ગો પરની અવરજવર સાવ ઓછી જણાતી હતી. ઘણા પરિવારો નજીકમાં આવેલા પોતાના વતન કે અમદાવાદ હરવા ફરવા જતા રહ્યા હતા. શાકમાર્કેટ સહિતના વિસ્તારોમાં ચહલપહલ એકદમ ઓછી જોવા મળી હતી.

## @ગાંધીનગર

● સે-૨ સ્વામીનારાયણ મંદિર ખાતે લખોટીના હિંડોળા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ આજે બાલકૃષ્ણ એમ. જોષીના નિવાસસ્થાને ૧૩૨૪/૧, સે-૩-બી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના દિપકભાઈ જાની અને કૃષ્ણકાંતભાઈ જાનીના નિવાસસ્થાને પ્લોટ નં. ૫૬૦, આંગન ફલેટ ખાતે યોજાશે.

● શિવ મહિમ્ન પાઠ મહેશભાઈ વ્યાસના નિવાસસ્થાન ૧૫/૩, છ ટાઈપ પંચવટીની સામે યોજાશે.

● લઘુરૂદ્રાભિષેક મધુસુદનભાઈ પંડયાના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૬૬/૨, સે-૪-સી ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

● એસબીઆઈ જનલ ઈન્સ્યોરન્સ દ્વારા અમદાવાદ રામદેવ નગર ખાતે બપોરે ૧૨.૦૦ કલાકે મિડિયા નોલેજ વર્કશોપ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## સર્જન એજયુકેશન વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા નગરની શાળાના વિદ્યાર્થીઓને નોટબુકોનું વિતરણ

ગાંધીનગર, તા.૧૮

સર્જન એજયુકેશન વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા નગરની શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નોટબુકોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. પ્રતિ વર્ષની જેમ આ વર્ષે ટ્રસ્ટ દ્વારા ઈન્દ્રોડા ગામની પ્રાથમિક શાળા, સેકટર-૮ પ્રાથમિક શાળા તેમજ વડોદરા જિલ્લાની કવાંટ તાલુકાની પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ બાળકોને વિના મૂલ્યે નોટબુકો આપવામાં આવી હતી. ટ્રસ્ટ દ્વારા આ સુંદર કામગીરી દર વર્ષે બજાવવામાં આવે છે.

## સરગાસણનો સેલ્સ એકઝીકયુટીવ પાંચ દિવસથી લાપતા

ગાંધીનગર, તા.૧૮

શહેરના સરગાસણ પાસે સ્થિત પ્રમુખ એકઝોટીકા ખાતે રહેતા ૩૧ વર્ષીય યુવાન સેલ્સ એકઝીકયુટીવ વિરેન્દ્ર લીલાધરભાઈ પટેલ પાંચ દિવસથી લાપતા છે. ધંધાના કામે જવાનું કહીને ૧૨ ઓગષ્ટે સવારે ૯ વાગ્યે ઘરથી નીકળી ગયેલા વિરેન્દ્રનો આજ દિન સુધી કોઈ જ પતો ન મળતા પિતાએ ઈન્ફોસીટી પોલીસ મથકમાં ગુમ થયા અંગેની જાણવા જોગ નોંધાવી છે. પોલીસે યુવાનની શોધખોળ શરુ કરી દીધી છે.

## રોલબોલના પાંચ ખેલાડીઓને જયદિપસિંહ બારીયા એવોર્ડ એનાયત

**વર્ષ ૨૦૧૩-૧૪ના રોલબોલના ખેલાડીઓને જુનિયર-સિનિયર એવોર્ડ એનાયત**



ગાંધીનગર, તા.૧૮

રાજય સરકારની કચેરી યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તરફથી વર્ષ ૨૦૧૩-૧૪ના રોલબોલના ૫ ખેલાડીઓને જયદિપસિંહ બારીયા જુનિયર અને સિનિયર એવોર્ડ આપવામાં આવ્યા છે. જયદિપસિંહ બારીયા જુનિયર એવોર્ડમાં આરઝુ ડી. પટેલ, દેવાંશી રમેશ, રાજ ટરેટીયા, હર્ષ વાણીયા જયારે સિનિયર એવોર્ડમાં ભાર્ગવ એન. આયરનો સમાવેશ થાય છે. એવોર્ડ વિજેતા ખેલાડીઓને પ્રમુખ ધર્મેશ પરમાર અને મંત્રી દિવ્યેશ ગોહેલ સહિત એસોસીએશનના સભ્યોએ શુભેચ્છા પાઠવી હતી.

# ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થાઓમાં અને શાળાઓમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેર-જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ વિવિધ સ્પર્ધાઓની ઉજવણીમાં લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દેશભકિતના નારાથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠયું હતું.

**● બી.એમ. પટેલ શાળામાં સ્વાતંત્ર્ય દિનનો કાર્યક્રમ યોજાયો**

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાની પરબતપુરા ખાતે આવેલ બી.એમ. પટેલ હાઈસ્કુલ ખાતે ૬૯માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ચિલ્ડ્રન યુનિ.ના વાઈસ ચાન્સેલરે ખાસ હાજર રહી બાળકોને પ્રોત્સાહનરૂપી વકતવ્ય આપ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિત ગીતો, ડાન્સ, રાષ્ટ્રજોગ સંદેશ સહિત પૂર્વરાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામ અને શહીદોને માન સન્માન



સાથે શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

**● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરી**

પેન્શનર્સ સમાજ દ્વારા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કાર્યાલય ખાતે કરવામાં આવી હતી. સંસ્થાના કારોબારી સભ્યો હોદેદારોએ હાજરી રહી ધ્વજવંદન કર્યું હતું. જયારે સંસ્થાના હોદેદારોએ શૌર્યગીત રજુ કર્યા હતા. સૌ સહભાગી સભ્યોએ મોં મીઠું કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિ, કારોબારી સભ્ય કાન્તિભાઈ ગુર્જર, રમણભાઈ શ્રીમાળી, મંત્રી ઠાકોરભાઈ શેઠ, ડી.પી. સંઘાણી સહિત સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

**● એસ.કે. દેસાઈ વિકલાંગ વિદ્યામંદિરમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ**

ઉવારસદ ખાતે આવેલ શારદાબેન કાંતિલાલ દેસાઈ વિકલાંગ શાળામાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ યુવા વીંગના ચિરંજીવી પટેલ અને વાઈસ પ્રેસીડેન્ટની અધ્યક્ષતામાં ૬૯માં સ્વાતંત્ર્ય દિને ધ્વજવંદન કરાયું હતું. શાળામાં વિકલાંગ બાળકોએ ગીત અને નૃત્ય દ્વારા રાષ્ટ્રપ્રેમ વ્યકત કર્યો હતો. ઉપસ્થિત મહેમાનોએ લોકોને આપણી શકિતઓને ઉજાગર કરીને રાષ્ટ્રના વિકાસમાં યશકલગી ઉમેરી શકીએ તેમજ શહીદવીરોને યાદ કરીને એના બતાવેલા માર્ગે ચાલીને રાષ્ટ્રને વિકાસના પંથે લઈ જવા અપીલ કરી હતી. આ પ્રસંગે ટ્રસ્ટી શૈલેષ પટવારી, કે.આર. સીંગ સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

**● ગુપ્તા સ્પોર્ટસ દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ**

૧૫ ઓગષ્ટના રાષ્ટ્રીય પર્વની ઉજવણી વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી હોય છે. જેમાં ધ્વજવંદનના કાર્યક્રમ યોજાતા હોય છે.

સે-૧૪માં આવેલ ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ૬૯માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે કરવામાં આવી હતી. રાષ્ટ્રીય લાગણી વ્યકત કરી વી. પુજારા તથા અન્ય વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોમાં સુકેતુ મહેતા, એનસીસીના કમાન્ડર અવતારસિંહ, રમેશભાઈ પરમાર મફતભાઈ દેસાઈ, દક્ષાબેન ત્રિવેદી, ભાજપ અગ્રણી કનુભાઈ દેસાઈ, ગુલાબચંદ પટેલ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## વાતવાતમાં

● આરોગ્ય વિભાગમાં મદદનીશ નિયામક તરીકે ફરજ બજાવતા ડૉ. ભરત પટેલે તેમના પુત્ર સ્વ. ડૉ. ક્ષિતિજ પટેલની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે સિવિલની રોગી કલ્યાણ સમિતિને રૂ.૧ લાખનો ચેક અર્પણ કર્યો હતો. આ ફકત દર્દીઓની સેવામાં ઉપયોગમાં લેવાશે.

● પતેતીની જાહેર રજાના લીધે મંગળવારે નગરના જાહેરજીવનમાં સૂનકાર પ્રવર્ત્યો હતો. જયારે રજાના દિવસે પણ કોર્ટ કાર્યવાહી ચાલુ હોવાથી ડીસ્ટ્રીકટ કોર્ટમાં વકીલો અને અસીલોની અવર જવર યથાવત રહી હતી.

● અનામતના મુદ્દે ગાંધીનગર બ્રહ્મસમાજના અગ્રણી કનૈયાલાલ પંડયા સહીતના આગેવાનો ન્યુઝ ચેનલના ટોક શૉમાં ભાગ લેતા સમાજના સભ્યો સાંજે ટીવી સેટ સામે ગોઠવાઈ ગયા હતા.

● અનામતના મુદ્દે યોજાનારી પાટીદારોની રેલીમાં વિવેકાનંદ ડાયમંડ ગ્રુપ દ્વારા નાસ્તા તેમજ પાણીના પાઉચનું વિતરણ કરવામાં આવશે.

● સે-૧૭/૨૨ પાસે માર્ગ પર કુતરું આડે આવતા બાઈકચાલક અકસ્માતનો ભોગ બન્યો હતો. અકસ્માતમાં યુવાનને શરીરના ભાગે ઈજાઓ થઈ હતી.

● શહેરમાં સે-૬ અનેચ-૩ના મેદાનમાં આયોજિત બાળનગરીની સમયમર્યાદા પૂર્ણ થતા આનંદમેળાએ વિદાય લીધી છે.

- સમીર રામી
9924446645

## લીંબોદરા હાઈસ્કૂલમાં મહિલા સશકિતકરણનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

લીંબોદરા સ્થિત પી.પી.આર. શાહ હાઈસ્કૂલ ખાતે મહિલા સશકિતકરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમમાં સ્વ બચાવ તાલીમ, ઈનોવેશન, સાહસિક પ્રવૃત્તિઓ, કોમ્પ્યુટર અને ટેકનોલોજી ક્ષેત્રે આગળ વધવા તેમજ વિકાસ સાધવા માટે શું કરવું જોઈએ તેની માહિતી વકતવ્ય દ્વારા આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા પારૂલબેન, તેજસિંહ પરમાર તથા શાળાની શિક્ષિકા કુસુમબેન, વીણાબેન ઉપસ્થિત રહ્યા હતાં.

# ચિલોડા સર્કલ પાસે સુવિધાયુકત બસ સ્ટેન્ડ બનાવવા મુસાફરોની માંગ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરથી દશ કિલોમીટરના અંતરે આવેલા ચિલોડા ચાર રસ્તા પર બસ સ્ટેન્ડ ન હોવાથી મુસાફરોને તકલીફોનો સામનો કરવો પડે છે. રોજના હજારો મુસાફરો ચિલોડાથી મુસાફરી કરી આવન જાવન કરે છે. બસ સ્ટેન્ડ ન હોવાથી ચોમાસા અને ઉનાળામાં લોકોની મુસબીતમાં વધારો થાય છે. ચિલોડા ચાર રસ્તા પર તંત્ર દ્વારા બસ સ્ટેન્ડ બનાવવામાં આવે તેવી માંગણી સ્થાનિક રહીશો કરી રહ્યા છે.

ચિલોડા ચાર રસ્તા એ મોટું જંકશન છે. નેશનલ હાઈવે-૮ ત્યાંથી પસાર થતો હોવાથી હજ્જારો મુસાફરો અહીંથી આવન જાવન કરે છે.પરંતુ ચાર રસ્તાની ચારે બાજુ એસ.ટી. બસ સ્ટેન્ડ ન હોવાથી મુસાફરોને રોડ વચ્ચે અથવા ફુટપાથ પર ઉભા રહીને બસની રાહ જોવાનું થાય છે. જેને પરિણામે અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાય છે.

ચાર રસ્તા પર પહેલા બસ સ્ટેન્ડ હતું પરંતુ હાઈવે અને આસપાસના માર્ગો પહોળા થતાં આ બસ સ્ટેન્ડ કયાંય અદશ્ય થઈ ગયું તેની કોઈને જાણ પણ નથી. આટલી મોટી માત્રામાં અવર જવર કરતા મુસાફરોને બસ સ્ટેન્ડ ન હોવાથી ઉનાળાની કાળઝાળ ગરમીમાં અને ચોમસાની સિઝનમાં બાળકો અને મહિલાઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. લાગતા વળગતા તંત્ર દ્વારા ચિલોડા ચાર રસ્તા પર બસ સ્ટેન્ડ બનાવાય તેવી માંગ મુસાફરો અને સ્થાનિક લોકોમાં ઉઠવા પામી છે.

## ઈસનપુર મોટા ગામનો યુવાન એક સપ્તાહથી ગુમ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીકના ઈસનપુર મોટા ગામમાં રહેતો ૨૭ વર્ષીય યુવાન



વિક્રમજી વધાજી ૧૦ ઓગષ્ટે વહેલી સવારે ઘરેથી રસોઈ કરવા જવાનું કહીને ચાલ્યો ગયો હતો. પરીવારજનોએ શોધખોળ કરી પરંતુ એક સપ્તાહ બાદ પણ તેના કોઈ જ સગડ ન મળતા ચિલોડા પોલીસમથકે જાણવા જોગ નોંધાવી છે. વિક્રમજીએ ધો-૮ સુધી અભ્યાસ કર્યો છે. શરીરે પાતળા બાંધાનો ૫.૬ ફુટ ઊંચાઈ ધરાવતો આ યુવાન ગુમ થયો ત્યારે તેણે જીન્સનું પેન્ટ અને લાલ ચોકડીવાળો શર્ટ પહેર્યો હતો. ગુજરાતી-હિન્દી ભાષા જાણતા વિક્રમના જમણા હાથે અંગ્રેજીમાં વી.જી. ત્રોફાવેલું છે.

## સૌરાષ્ટ્ર કચ્છ સમાજ તેજસ્વી તારલાઓનું સન્માન કરશે

ગાંધીનગર, તા.૧૮

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા દ્વારા આગામી તા. ૨૩ ઓગષ્ટે બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન ખીમજી વિશ્રામ હોલ ખાતે તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યક્રમ યોજાશે.

આ સંસ્થા છેલ્લા સાત વર્ષથી ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી તેમને પ્રોત્સાહિત કરી રહી છે. આ દરમિયાન હાસ્ય ટીવી કલાકાર સિરાજ રંગવાલા ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી, એન.પી. પટેલ, કુંવરજીભાઈ પટેલ, કેતનભાઈ ધોળુ હાજર રહેશે. ડૉ. પ્રદિપ ગગલાણીએ કાર્યક્રમમાં હાજરી આપવા જણાવેલ છે.

# રૂપાલમાં દિવાલ નીચે દટાયેલા મજુરનું મૃત્યુ

**રિનોવેશન દરમિયાન ધરાશયી થયેલા મકાનનો કાટમાળ ખસેડીને ચાર કલાકે દટાયેલા યુવાનનો મૃતદેહ મળ્યો**

ગાંધીનગર, તા.૧૮

રૂપાલ ગામમાં સ્થિત એક જુના મકાનનું રિનોવેશન કામ ચાલુ હતુ ત્યારે ગઈ સાંજે એકાએક મકાન ધરાશયી થતા ત્રણ મજુરો દટાયા હતાં તે પૈકી બે મજુરો નિકળી ગયા હતા જયારે ત્રીજા મજુરને કાટમાળ નીચેથી ચાર કલાકની જહેમત બાદ શોધી કાઢવામાં આવ્યો હતો. જો કે તે મૃત હાલતમાં હતો. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

રૂપાલ પંચાયત ઓફીસની બાજુમાં ગઈ સાંજે એકાએક રિનોવેશન કામગીરી દરમિયાન જુનું મકાન તૂટી પડયું હતું અને દિવાલો મજુરો પર પડી હતી. બે મજુરો તો બચીને બહાર આવી ગયા હતા ત્યારે શેરથાના ચેહરમાતાનાં મંદિર નજીક રહેતો ૨૨ વર્ષીય મજુર રોહીત બાબુજી ઠાકોર દિવાલોમાં દટાઈ ગયો હતો. ગાંધીનગર ફાયરબ્રિગેડે ચાર કલાક સુધી કાટમાળ વચ્ચે દટાયેલા મજુરની શોધખોળ કરી હતી આખરે રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં રોહીતનો મૃતદેહ મળી આવતા બહાર કાઢી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે મોકલીને પેથાપુર પોલીસે કાર્યવાહી શરુ કરી છે.

## સે-૨૯ ઈન્કવાયરી પાછળથી છ જુગારીઓ પકડાયા : રૂ. ૬૦ હજારના મુદામાલ સાથે છની ધરપકડ

ગાંધીનગર, તા.૧૮

શહેરના સેકટર-૨૯ ઈન્કવાયરી વિસ્તારની પાછળ ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સે-૨૧ પોલીસની ટીમે દરોડો પાડીને છ શખ્સોને જુગાર રમતા રંગે હાથે ઝડપી પાડયાં હતાં. પોલીસે સે-૨૬માં રહેતા મહેન્દ્ર નટવરસિંહ વિહોલ, દિલીપ નટવરસિંહ વિહોલ, ન્યુ વાવોલ રહેતા સંજય રાજુ ઝાલા, કોલવડાના ભરત ભીખા દરજી, સે-૨૯ના જયદિપ મહેન્દ્ર ચૌહાણ અને સે-૨૮ના કૃણાલ મકવાણા મળીને છ શખ્સોની ૬ મોબાઈલ, એકટીવા અને રોકડ મળી રૂ. ૬૦ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જમીયતપુરા કેનાલમાંથી યુવાનનો મૃતદેહ મળ્યો

**બોપલ મજુર કોલોનીના યુવાને આપઘાત કર્યો હોવાની આશંકા**

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક જમીયતપુરા નર્મદા કેનાલમાંથી ગઈ મોડી સાંજે એક યુવાનનો મૃતદેહ મળી આવતા પોલીસને જાણ કરી બોલાવી લેવામાં આવી હતી. અડાલજ પોલીસે મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં બોપલની મજુર કોલોનીમાં રહેતા ૩૮વર્ષીય યુવાનનો મૃતદેહ હોવાનું ખુલ્યું હતું. આપઘાતની આશંકાને આધારે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

જમીયતપુરા નર્મદા કેનાલમાંથી ગઈ મોડી સાંજે એક યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા પોલીસને બોલાવવામાં આવી હતી. અડાલજ પોલીસ મથકનાં કાનજીભાઈ બનાવ સ્થળે પહોંચી ગયા હતાં અને મૃતદેહ બહાર કઢાવી તપાસ કરી તો બોપલની મજુર કોલોની, અભિષેક ટાવર પાસે રહેતા ૩૮ વર્ષીય પંકજ સુરેશભાઈ ગાવડ હોવાનું ખુલ્યું હતું. મૃતદેહ બહાર કાઢી પરીવારજનોને બોલાવીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી અપાયો હતો. પોલીસે પ્રાથમિક તપાસ કરતાં આપઘાતની આશંકા વ્યકત કરી છે. અકસ્માત મોતનો ગુનો નોંધીને ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે.

# નગરમાં મનોરમ્ય હિંડોળાના દર્શન કરી શ્રધ્ધાળુઓ ધન્ય થયા

ગાંધીનગર, તા.૧૮

શ્રાવણ મહિનાના પ્રારંભથી જ ગાંધીનગર શિવ ભકિતમાં તલ્લીન બન્યું છે. નગરના શિવાલયોમાં ભાવિકોની ભીડ જોવા મળે છે ત્યારે નગરના વિવિધ મંદિરોમાં હિંડોળા દર્શનનું વિશેષ મહત્વ છે. હિંડોળા દર્શન એ વૈષ્ણવ પરંપરા મુજબ ચાલી આવતો ઉત્સવ છે. જેમાં શ્રધ્ધાળુઓ અલગ અલગ પ્રકારના હિંડોળા બનાવી ભગવાનને ઝુલાવે છે. શ્રાવણ માસમાં હિંડોળા દર્શન કરીને ભકતો ધન્યતા અનુભવે છે.

હિંડોળા ઉત્સવ એ આદીકાળથી ચાલી આવતો ઉત્સવ છે. પરંતુ આજના યુગના માણસોને કદાચ ઉત્સવના મહત્વ વિશે ખ્યાલ નહિ હોય અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ સુધી આ ઉત્સવ મનાવવામાં આવે છે. ભગવાન શ્રી



કૃષ્ણ કુંજગલીમાં ગોપીઓ સાથે હિંડોળે ઝુલતા હતા. ત્યારથી ભકતો દ્વારા વૈષ્ણવ પરંપરા મુજબ આ ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. સ્વામીનારાયણ ધર્મ પણ વૈષ્ણવ ધારાથી સંલગ્ન છે. તેથી સ્વામીનારાયણ મંદિરોમાં પણ હિંડોળા મહોત્સવ મનાવવામાં આવે છે. આજના મોર્ડન યુગમાં ભકતો દ્વારા ચોકલેટ, ચલણી સિક્કા, નોટોના, લખોટી, નંગ, પૂજા બુક, સુકા મેવા, અનાજ, કઠોળ, ફુલ, મોતી, રબર-પેન્સિલ, દિવાસળી, રાખડી, ચોક, બટન, સ્ટોન, શાકભાજી, ફ્રુટ સહિત સુતર અને જરીના પણ હિંડોળા બનાવવામાં આવે છે. ભકતો ભગવાનને હિંડોળામાં ઝુલાવી દર્શન કરી ધન્યતા અનુભવે છે. શહેરના શિવ મંદિરોમાં પણ ભકતો દ્વારા શ્રાવણ માસમાં રોજ અલગ અલગ હિંડોળા બનાવવામાં આવે છે.



## ચિરવિદાય

- સ્વ. ચંદ્રિકાબેન નગીનદાસ પાટડીયા (ઉ.વ.૭૧) પ્લોટ નં. ૬૭૦/૧, સેકટર-૭-બી, ગાંધીનગર
- સ્વ. જયેશ બચુભાઈ માંડવીયા (ઉ.વ.૫૯) પ્લોટ નં. ૫૭૯/૨, સેકટર-૩૦, ગાંધીનગર
- સ્વ. રમેશભાઈ શનાભાઈ મહેરીયા (ઉ.વ.૫૮) મુ. છાલા, તા.જી. ગાંધીનગર